PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST
Deputy Director,GSS, Class I, Advt No. 111/2016-17(AEA)
Preliminary Test on 16-04-2017
Subeject Que : 001 - 100
Publish Date : 18-04-2017
Last Date to send suggestion(s) :25-04-2017
Note: Candidate must ensure the compliance to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only.

1. સને 2011ની વસ્તી ગણત્રી મુજબ ગુજરાતમાં ગ્રામ વિસ્તારમાં પુરૂષો અને સ્ત્રીઓનો સાક્ષરતા દર (Literacy rate) કેટલો છે?

(A) 81.6 અને 61.4 (B) 85.8 અને 69.7

(C) 91.0 અને 81.0 (D) 77.2 અને 57.7

2. દિલ્હી, જયપુર, અજમેર, હિમ્મતનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, વલસાડ થઈને મુંબઈ જવા માટે કયા નેશનલ હાઈવેનો ઉપયોગ થાય છે ?

(A) 7 (B) 8

(C) 14 (D) 15

3. નહેર (Canal) અને જે રાજયમાં લાભ મળે છે તેના જોડકામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) સેથુ સમુદ્રમ કેનાલ પ્રોજેક્ટ - તામીલનાડુ, કેરલા

(B) બકીંગ હામ કેનાલ - ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ

(C) તેલગુ ગંગા પ્રોજેક્ટ - આંધ્રપ્રદેશ

(D) તાજીવાલા કેનાલ - હરીયાણા

4. યારલુંગ ઝેંગબો (Yarlung Zangbo) નદી જ્યારે ભારતમાં પ્રવેશ કરે છે, પછીથી તે કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) ગંગા (B) જમના

(C) મહાનદી (D) બ્રહ્મપુત્રા

5. દેશમાં કેસર (Saffron)નાં ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય કયું છે ?

(A) આસામ (B) જમ્મુ અને કાશ્મિર

(C) હિમાચલ પ્રદેશ (D) મેઘાલય

6. કોયલી, મથુરા અને હલ્દીયાં રીફાયનરી (Refineries) ની સ્થાપના કોણે કરી છે ?

(A) હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પો. લી. (B) ભારત પેટ્રોલીયમ કોર્પો. લી.

(C) ઈન્ડીયન ઑઈલ કોર્પો. લી. (D) બર્માશેલ ઑઈલ કોર્પો. લી.

7. ધી રેડ ક્લીફ લાઈન (The redcliffe line) કયા બે દેશો વચ્ચેની સીમા નક્કી કરે છે ?

(A) ભારત અને પાકિસ્તાન (B) ભારત અને ચીન

(C) ભારત અને બાંગ્લાદેશ (D) ભારત અને અફઘાનિસ્તાન

8. ભરતી દ્વારા ઉર્જા ઉત્પાદન થવાની મહત્તમ ક્ષમતા કયા સ્થાન ઉપર આવેલી છે. (Tidal Energy)

(A) ખંભાતનો અખાત (B) મુનારનો અખાત

(C) કેરલા ખાતેના બૅક વૉટર (D) ચિલકા સરોવર

9. નૃત્ય અને તેની સાથે જોડાયેલ રાજ્યના જોડકા પૈકી કયુ જોડકું યોગ્ય નથી ?

(A) ગીદ્દા ડાન્સ - પંજાબ (B) મોહીની અટ્ટમ ડાન્સ - કેરલા

(C) કુચીપુડી ડાન્સ - આંધ્રપ્રદેશ (D) બીહુ ડાન્સ - અરુણાચલ પ્રદેશ

10. ગિરિમથક અને સબંધીત રાજ્યને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) પહેલગામ | (A) જમ્મુ અને કાશ્મિર |
| (2) મુન્નાર | (B) કેરલા |
| (3) શીલોંગ | (C) મેઘાલય |
| (4) કોડાઈ કેનાલ | (D) તામીલનાડુ |

(A) 1-A, 2-B, 3-C, 4-D
(B) 1-B, 2-C, 3-D, 4-A
(C) 1-C, 2-D, 3-A, 4-B
(D) 1-D, 2-A, 3-B, 4-C

11. નેશનલ પાર્ક અને સ્થળને ગોઠવેલ છે તે પૈકી કયું જોડકુ યોગ્ય નથી ?
(A) રણથંભોર નેશનલ પાર્ક - રાજસ્થાન
(B) જીમ કોર્બેટ નેશનલ પાર્ક - ઉત્તરાખંડ
(C) બાંધવગઢ નેશનલ પાર્ક - ઉત્તરપ્રદેશ
(D) કાઝીરંગા નેશનલ પાર્ક - આસામ

12. અડાલજની વાવ કોણે બંધાવેલ છે ?
(A) રાણી રૂડીબાઈ
(B) મીનળ દેવી
(C) ચૌલા દેવી
(D) ધ્રુમ સ્વામિની દેવી

13. ગુજરાતના કયા રજવાડાના ઠાકોર સંગીતના મહાન જ્ઞાતા અને ગવૈયા હતા ?
(A) વઢવાણ
(B) સાણંદ
(C) મોરબી
(D) લીંબડી

14. ભારતમાં પ્રખ્યાત ‘દર્પણ એકેડમી ઑફ પરફોમીંગ આર્ટ’ની સ્થાપના કોણે કરેલ હતી ?
(A) સોનલ માનસિંગ
(B) કુમુદિની લાખીયા
(C) મલ્લિકા સારાભાઈ
(D) મૃણાલીની સારાભાઈ

15. વડોદરાનાં મહારાજા ‘સયાજીરાવ ગાયકવાડે’ કયા વિશ્વ વિખ્યાત ભારતીય ચિત્રકારને વડોદરાનાં ‘કલાભવન’માં ચિત્રો કરવા આમંત્રણ આપેલું હતુ ?
(A) શ્રી સોમાલાલ શાહ
(B) રાજા રવિ વર્મા
(C) એમ. એફ. હુસેન
(D) રસિકલાલ અંધારિયા

16. નીચેના પૈકી કઈ વાર્તા રવિન્દ્રનાથ ટાગોર દ્વારા લખવામાં આવેલી છે ?
(A) અન ટુ ધ લાસ્ટ
(B) અલ - બલાઘ
(C) આકાશ
(D) કાબુલી વાલા

17. પત્રકારત્વ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગત્યનું યોગદાન આપવા માટે કયો એવોર્ડ / પ્રાઈઝ આપવામાં આવે છે ?
(A) બુકર પ્રાઈઝ
(B) પુલઝર પ્રાઈઝ
(C) સખેરવો પ્રાઈઝ
(D) સુલીવાર્ન એવોર્ડ

18. શબરી માલ (Sabari mal) : ધાર્મિક સ્થળ કયા રાજ્યમાં આવેલું છે ?
(A) કેરલા
(B) કર્ણાટક
(C) આંધ્રપ્રદેશ
(D) તેલંગાણા

19. 'સત્યમેવ જયતે' શબ્દ કયા ગ્રંથમાંથી લેવામાં આવેલ છે ?

(A) ઋગવેદ (Rigveda)
(B) શતપથ બ્રાહ્મણ (Satpath Brahmana)
(C) મુંડક ઉપનિષદ (Mundak Upanishad)
(D) રામાયણ (Ramayana)

20. દેશમાં સંગીત, નૃત્ય, નાટક વગેરેનાં વિકાસ માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલી છે ?

(A) નેશનલ સ્કુલ ઑફ ડ્રામા
(B) સાહિત્ય અકાદમી
(C) સંગીત નાટક અકાદમી
(D) લલિતકલા અકાદમી

21. કાલા ઘોડા આર્ટ ફેસ્ટીવલ (Kala Ghoda Art Festival) કયા સ્થળે આયોજીત કરવામાં આવે છે ?

(A) વડોદરા
(B) પુણે
(C) મુંબઈ
(D) મૈસુર

22. નીચેના પૈકી કયા મહાનુભાવો તબલા વાદક છે ?

(1) ઉસ્તાદ અલ્લારખા (2) ઝાકીર હુસેન (3) રવીશંકર (4) શીવકુમાર શર્મા

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 4 અને 1

23. સ્થાપત્ય અને તેના સ્થળોને યોગ્યરીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) ઉપરકોટ કિલ્લો | (A) માંડવી |
| (2) પ્રાગ મહેલ | (B) જામનગર |
| (3) લખોટા મહેલ | (C) ભુજ |
| (4) વિજય વિલાસ પૅલેસ | (D) જુનાગઢ |

(A) 1-D, 2-C, 3-B, 4-A
(B) 1-C, 2-B, 3-A, 4-D
(C) 1-B, 2-A, 3-D, 4-C
(D) 1-A, 2-D, 3-C, 4-B

24. દિલ્હી સલ્તનત ઉપર રાજ્ય કરનાર પ્રથમ સ્ત્રી કોણ હતી ?

(A) ઝલાલતઉદ દિન રઝિયા (રઝિયા સુલતાન)
(B) નુરજહાન
(C) જહાન આરા
(D) સંયુક્તા

25. હન્ડ્રેડ ઈયર વૉર 'The hundred year war' કયા દેશો વચ્ચે થયેલ હતુ ?

(A) ફ્રાન્સ અને જર્મની
(B) જર્મની અને ઓસ્ટ્રેલીયા
(C) ફ્રાન્સ અને ઈંગ્લેંડ
(D) ઈંગ્લેંડ અને જર્મની

26. લેખકો અને તેઓની ઉપનામ પૈકી કયુ જોડકુ યોગ્ય નથી ?

(1) શ્રી ઝીણાભાઈ દેસાઈ - સ્નેહરશ્મિ
(2) શ્રી ઉમાશંકર જોષી - વાસુકી
(3) શ્રી ત્રિભોવનદાસ લુહાર - સુન્દરમ
(4) શ્રી અમૃતલાલજી ભટ્ટ - ઈર્શાદ

(A) 4
(B) 3
(C) 2
(D) 1

27. મહમદ ગઝનીની સાથે કયા ઈતિહાસકાર સંકળાયેલા હતા ?

(A) અલ બિરૂની
(B) ઈબ્ન બતૂતા
(C) ફિરદૌસ
(D) ફૈઝી

28. 'સિધ્ધહેમ શબ્દાનું શાસન' કયા વિષયનો ગ્રંથ છે ?

(A) સંગીત
(B) વ્યાકરણ
(C) રાજ્ય વહીવટ
(D) જ્યોતિષ શાસ્ત્ર

29. અમદાવાદનો 'શાહીબાગ' બગીચો કોણે બંધાવેલ હતો ?

(A) અકબર
(B) દારા - શુકોહ
(C) શાહજહાં
(D) મુરદબક્ષ

30. જૂનાગઢની મુક્તિ માટે રચાયેલ આરઝી હકૂમતનાં વડા કોણ હતા ?

(A) દયાશંકર દવે
(B) રસિકલાલ પરીખ
(C) રતુભાઈ અદાણી
(D) શામળદાસ ગાંધી

31. મહાગુજરાત ચળવળમાં નીચેનાં પૈકી કોણ અગ્રગણ્ય નેતા સામેલ હતા ?

(A) ઈંદુલાલ યાજ્ઞિક
(B) પ્રબોધ રાવળ
(C) હરિહર ખંભોળજા
(D) રમણલાલ શેઠ

32. સંગમ સાહિત્ય કઈ ભાષામાં લખાયેલ હતુ ?

(A) તેલગુ
(B) તામિલ
(C) મલયાલમ
(D) સંસ્કૃત

33. ભારત દ્વારા પ્રથમ અણુ પરીક્ષણ કરવામાં આવેલ હતુ ત્યારે વડાપ્રધાન કોણ હતા ?

(A) ગુલઝારીલાલ નંદા
(B) વી. પી. સિંહ
(C) લાલબહાદુર શાસ્ત્રી
(D) શ્રીમતી ઈંદિરા ગાંધી

34. નીચેનામાંથી કયુ જોડકું યોગ્ય નથી ?

| લેખક | | કૃતિ |
|---|---|---|
| (A) કાલિદાસ | - | રઘુવંશ |
| (B) વિશાખા દત્ત | - | મુદ્રા રાક્ષસ |
| (C) વિષ્ણુ શર્મા | - | પંચતંત્ર |
| (D) ગાંધીજી | - | ધી ડિસકવરી ઑફ ઈન્ડિયા |

35. દક્ષિણ ભારતમાં પ્રભુત્વ સ્થાપવા માટે અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે "કર્ણાટક વિગ્રહ" નામથી જાણીતા કેટલા વિગ્રહ થયા હતા ?

(A) 4
(B) 3
(C) 2
(D) 1

36. "ગદર પાર્ટી"ની સ્થાપના કયા દેશમાં કરવામાં આવેલી હતી ?

(A) જાપાન (B) જર્મન

(C) અમેરિકા (D) અફઘાનિસ્તાન

37. સ્વતંત્ર ભારતનાં પ્રથમ અને એક માત્ર ભારતિય, ગવર્નર - જનરલ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ગોવિંદ વલ્લભ પંત

(C) લોર્ડ માઉન્ટ બેટન (D) સી. રાજગોપાલાચારી

38. નીચેનામાંથી કયુ કાર્ય, RBI કરતી નથી ?

(A) ચલણી નાણુ બહાર પાડવાનું (B) વિદેશી હુડિયામણની જાળવણી કરવાનું

(C) કેન્દ્ર સરકારના અંદાજપત્રનું નિયંત્રણ કરવાનું (D) માન્ય નાણાકિય સંસ્થાઓ ઉપર નિયંત્રણ રાખવાનું

39. 'કરના આધારનું વિસ્તરણ' (expansion of tax base)નો શું અર્થ થાય છે ?

(A) જે વ્યક્તિઓ કર ભરવા પાત્ર છે પરંતુ કર ભરતા નથી તેઓનો કર માળખામાં સમાવેશ કરવો.

(B) કરવેરાનાં દરમાં વધારો કરવો.

(C) નવા પ્રકારના કર દાખલ કરવા.

(D) કરવેરાનું એકત્રીકરણ કરવું અને આવકમાં વધારો કરવો.

40. સેન્સસ 2011 મુજબ ગુજરાત અને દેશનાં શહેરી વિસ્તારમાં સાક્ષરતા દર (Literacy rate) કેટલો છે ?

(A) 86.3 અને 84.1 (B) 81.6 અને 77.2

(C) 78.1 અને 73.1 (D) 91.1 અને 79.1

41. ભારતના કયા રાજ્યમાં શહેરી વિસ્તારમાં સેક્સ રેશીયો (દર 1000 પુરૂષો દિઠ સ્ત્રીઓની સંખ્યા) સૌથી ઓછો છે ?

(A) જમ્મુ અને કાશ્મિર (B) પંજાબ

(C) ગુજરાત (D) ઉત્તરાખંડ

42. સમાન અર્થતંત્ર (Parallel economy) નીચેના પૈકી કયા વાક્ય સાથે સુસંગત છે ?

(A) બિન સંગઠીત ક્ષેત્રની બધીજ કામગીરી.

(B) કરવેરાના માળખામાં ન આવરી લેવાયેલ આવક, નાણા.

(C) પરદેશી સંસ્થાઓની આવક અને ધંધા વેપારનો નફો.

(D) ઉપરોક્ત બધાજ વાક્ય સાથે સુસંગત છે.

43. નેશનલ ફુડ સિક્યુરીટી એક્ટ (National food security Act) કયા વર્ષથી અમલમાં આવેલ છે ?

(A) 2011 (B) 2012

(C) 2013 (D) 2014

44. હાલમાં ચર્ચામાં રહેલ "MSME" કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) મીડીયમ, સ્મૉલ મેનેજમેન્ટ એન્ટરપ્રાઈઝ (B) મીનરલ, સ્ટીલ, મેટલ એન્ટરપ્રાઈઝ

(C) માયક્રો, સ્મૉલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ (D) મુંબઈ, સેલમ મેનેજમેન્ટ એક્સપર્ટ

45. નાણા પંચની રચના કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) માન. રાષ્ટ્રપતિ
(B) માન. વડાપ્રધાન
(C) માન. નાણા મંત્રી
(D) માન. RBIના ગવર્નર

46. હરિયાળી ક્રાન્તિ સાથે ભારતનાં કયા વૈજ્ઞાનિકનું નામ આગવી રીતે સંકળાયેલ છે ?

(A) શ્રી એ. કે. સેન
(B) શ્રી એમ. એસ. આહલુવાલીયા
(C) શ્રી એમ. એસ. સ્વામિનાથન
(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહી

47. ખેતીવાડી ક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલ ક્ષેત્રના સબંધમાં નીચેનાં પૈકી કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) લગભગ 13.7% જી.ડી.પી. આ ક્ષેત્ર દ્વારા આપવામાં આવે છે.
(B) લગભગ 50% કાર્યાન્વિત લોકો આ ક્ષેત્ર સાથે જોડાયેલ છે.
(C) આ ક્ષેત્રની ઉત્પાદકતા પ્રમાણમાં ઘણીજ ઓછી છે.
(D) આ ક્ષેત્રમાં મુડી - રોકાણ ઘણુંજ વધારે રહેલ છે. (capital intensive)

48. માન. રાષ્ટ્રપતિશ્રી સંસદમાં મહત્તમ કેટલા સભ્યોની નિમણૂંક કરી શકે છે ?

(A) 14
(B) 12
(C) 13
(D) 11

49. સંસદની કાર્યવાહીમાં એટર્ની જનરલ -

(A) ભાગ લઈ શકતા નથી.
(B) પ્રેક્ષક તરીકે હાજરી આપી શકે છે.
(C) સભ્ય તરીકે ચર્ચામાં ભાગ લઈ શકે છે, પરંતુ મતદાન કરી શકતા નથી.
(D) સભ્ય તરીકે ચર્ચામાં ભાગ લઈને જરૂર જણાય તો મતદાનમાં ભાગ લે છે.

50. સપ્ટેમ્બર 16માં ભારતની સંસદ દ્વારા કયા સબંધમાં બંધારણીય સુધારો કરવામાં આવેલો હતો ?

(A) ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
(B) ભારત - બાંગ્લાદેશની સીમા નિર્ધારણ
(C) નેશનલ જ્યુડીશ્યલ એપોઈન્ટમેન્ટ કમિશન
(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહી

51. પ્રધાન મંત્રી સહિત મંત્રી મંડળમાં મહત્તમ કેટલા મંત્રીઓ હોઈ શકે ?

(A) વડા પ્રધાનશ્રીનો વિશેષાધિકાર હોઈ સંખ્યા નક્કી કરી શકાય નહીં.
(B) સંસદની સભ્ય સંખ્યાના 15%
(C) લોકસભાની સભ્ય સંખ્યાના 15%
(D) રાજ્ય સભાની સભ્ય સંખ્યાના 15%

52. લોકસભાનું વિસર્જન કોણ કરી શકે છે ?

(A) લોકસભાના સ્પીકર
(B) ચૂંટણી કમિશ્નર
(C) વડાપ્રધાનશ્રી
(D) માન. રાષ્ટ્રપતિશ્રી

53. નીચેના વાક્યો ચકાસો.

(1) વિધાનસભામાં માન. રાજ્યપાલશ્રી 2 (Two) એંગ્લો ઈન્ડિયન સભ્યો મૂકી શકે છે.

(2) વિધાનસભામાં માન. રાજ્યપાલશ્રી 10 નિષ્ણાંતોને નિમણૂક કરી છે.

(A) માત્ર પ્રથમ વાક્ય સાચું છે.
(B) માત્ર બીજુ વાક્ય સાચું છે.
(C) પ્રથમ અને બીજુ વાક્ય સાચું છે.
(D) પ્રથમ અને બીજુ વાક્ય સાચું નથી.

54. ગુજરાત રાજ્યમાં, રાજ્યમાં આવેલી પંચાયતોની ચૂંટણી કોણ કરે છે ?

(A) ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ
(B) વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
(C) ભારત સરકારનું ચૂંટણી પંચ
(D) રાજ્યનું ચૂંટણી પંચ

55. રાજ્ય લોકસેવા આયોગનાં સ્ટાફની સેવા શરતો, અંગેની જોગવાઈઓ કોણ નક્કી કરે છે ?

(A) વિધાનસભાનાં સ્પિકરશ્રી
(B) ચૂંટણી કમિશ્નરશ્રી
(C) માન. હાઈકોર્ટના ચીફ જસ્ટીસશ્રી
(D) માન. રાજ્યપાલશ્રી

56. દેશમાં પ્રથમ રેલ યુનિવર્સિટી કઈ જગ્યાએ શરૂ કરવામાં આવનાર છે ?

(A) વારાણસી
(B) વડોદરા
(C) રતલામ
(D) કલકત્તા

57. ભારતના બંધારણમાં નાગરિકની કેટલી ફરજો દર્શાવેલ છે ?

(A) 9
(B) 10
(C) 11
(D) 12

58. બંધારણના કયા સુધારા બાદ પંચાયતો માટે નાણા આયોગની રચના કરવા માટેની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલી છે ?

(A) 71મો સુધારો
(B) 72મો સુધારો
(C) 73મો સુધારો
(D) 74મો સુધારો

59. 'નીતિ આયોગ'ની રચના કઈ રીતે કરવામાં આવેલી હતી ?

(A) બંધારણમાં જરૂરી સુધારો કરીને
(B) મંત્રી મંડળના સચિવાલયનાં ઠરાવથી
(C) સંસદમાં કાયદો સુધારીને
(D) નામ. કોર્ટના ચુકાદાનું પાલન કરવા

60. દેશમાં "રાજકીય પક્ષ" તરીકે નોંધણી કોણ કરે છે ?

(A) ભારતનું નિર્વાચન આયોગ (ECI)
(B) ભારતીય રીઝર્વ બેંક (RBI)
(C) લોકસભાનાં માન. અધ્યક્ષશ્રી
(D) માન. સર્વોચ્ચ અદાલતનાં રજીસ્ટ્રાર જનરલશ્રી

61. બંધારણની જોગવાઈઓ મુજબ "ચોખ્ખી આવક"માટેનું પ્રમાણપત્ર, ભારતનાં નિયંત્રક - મહાલેખા પરીક્ષકનું આખરી ગણવામાં આવે છે. આ જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 277
(B) 278
(C) 279
(D) 280

62. ભારતમાં રજવાડાઓના એકત્રીકરણમાં કયા બે મહાનુભાવોનો અગત્યનો ફાળો છે ?

(1) સરદાર વલ્લભભાઈ પટેલ (2) શ્રી વી. પી. મેનન

(3) શ્રી જવાહરલાલ નહેરૂ (4) લાલા લજપતરાય

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 3 અને 4 (D) 4 અને 1

63. રમણ 12% ના સાદા વ્યાજે લોન લે છે. ત્રણ વર્ષ બાદ વ્યાજ પેટે 5400 રૂા. ચુકવે છે. આ સંજોગોમાં મુદ્દલ રકમ કેટલી હશે ?

(A) 10,000 (B) 12,000

(C) 15,000 (D) 18,000

64. એક વ્યક્તિ 1920 રૂા. માં ચોક્કસ ટકા નફો લઈને વસ્તુ વેચે છે. જો એટલાજ ટકા ખોટ ખાઈને વસ્તુનું વેચાણ કરે તો તેને 1280 રૂા. મળશે. આ સંજોગોમાં 25% નફો મેળવવા કેટલા રૂા. માં વસ્તુ વેચવી જોઈએ ?

(A) 1800 (B) 2000

(C) 2200 (D) 2400

65. છગન સફરજનનો ધંધો કરે છે તેણે કુલ જથ્થામાથી 40% સફરજન વેચેલ છે અને હવે તેની પાસે 4200 સફરજન વધેલ છે ? આ સંજોગોમાં તેની પાસે પ્રથમ વેચાણ પહેલા કેટલા સફરજન હશે ?

(A) 6000 (B) 7000

(C) 10500 (D) 4200

66. આજે સોમવાર છે. 61 દિવસ બાદ કયો વાર હશે ?

(A) બુધવાર (B) ગુરૂવાર

(C) શુક્રવાર (D) શનિવાર

67. અ અને બ ની સરેરાશ આવક 5050 રૂા. છે, બ અને ક ની સરેરાશ આવક 6250 રૂા. છે અને અ અને ક ની સરેરાશ આવક 5200 રૂા. છે. આ સંજોગોમાં અ ની આવક કેટલી હશે ?

(A) રૂા. 3500 (B) રૂા. 4000

(C) રૂા. 4500 (D) રૂા. 5000

68. 668માં ઓછામાં ઓછી કઈ સંખ્યા ઉમેરવી જોઈએ જેથી નવી સંખ્યા ને 29 વડે ભાગી શકાય ?

(A) 26 (B) 27

(C) 28 (D) 25

69. $144 \times (5)^4 =$ ........................

(A) 9,000 (B) 90,000

(C) 900 (D) 9,00,000

70. એક વિમાન 240 કિ. મી. પ્રતિ કલાક મી. ઝડપે ઉડીને પાંચ કલાકમાં અ થી બ જગ્યાએ જાય છે જો આ અંતર 192 મિનીટમાં કાપવાનું થાય તો વિમાનની ઝડપ / દર કલાકની કેટલી હોવી જરૂરી છે ?

(A) 300
(B) 360
(C) 375
(D) 400

71. અ એક કામ 15 દિવસમાં અને બ તે કામ 20 દિવસમાં પુરૂ કરી શકે છે. તે ઓ ભેગા મળીને 4 દિવસ કામગીરી કરે છે. આ સંજોગોમાં હવે કેટલુ કામ બાકી હશે ?

(A) 1/4
(B) 1/10
(C) 7/15
(D) 8/15

72. ધંધામાં કુલ મુડી રોકાણ 80,000 રૂા. છે. ધંધામાં 'ક'ના મુડી રોકાણ કરતા 'બ'નું મુડી રોકાણ 5000 રૂા. વધું છે અને 'અ'નું મુડી રોકાણ 'બ' કરતા 10,000 રૂા. વધારે છે. મુડીનાં પ્રમાણમાં કુલ નફો 64,000 રૂા. વહેચવાનો થાય તો 'અ' ને કેટલો નફો મળશે ?

(A) 16,000
(B) 20,000
(C) 28,000
(D) 32,000

73. મહેશને એક પરીક્ષામાં ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનમાં કુલ 86 માર્ક મળેલ હતા અને મેળવેલ માર્કનું ગુણોત્તર 1/2:1/3:3/5 હોય તો તેને દરેક વિષયમાં કેટલા ગુણ મળ્યા હશે ?

| | ગણિત | અંગ્રેજી | વિજ્ઞાન |
|---|---|---|---|
| (A) | 30 | 20 | 36 |
| (B) | 20 | 30 | 36 |
| (C) | 36 | 20 | 30 |

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં.

74. નીચેના શ્રેણીનું આગામી પદ કયું હશે ?

10, 5, 13, 10, 16, 20, ...................., ..................... .

(A) 21 અને 40
(B) 19 અને 40
(C) 40 અને 19
(D) 18 અને 30

75. વાયુનું પ્રવાહી સ્વરૂપમાં પરિવર્તન થાય તે પ્રક્રિયાને શું કહે છે ?

(A) ઘનીભવન (Condesation)
(B) બાષ્પીભવન (Evaporation)
(C) નિપેક્ષણ (Deposition)
(D) ઉર્ધ્વીકરણ (Sublimation)

76. નીચેના પૈકી કઈ વસ્તુઓ, વસ્તુ છોડ / વૃક્ષમાથી પેદા થાય છે ?

(1) કપૂર (2) વેનીલા (3) ચિકોરી

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) 1, 2 અને 3
(D) ઉપર પૈકી એક પણ નહીં.

77. પ્રાચીન સંસ્કૃતિઓ નીચેનામાંથી કયા તત્વથી અજાણ હતી ?

(A) ટીન
(B) એલ્યુમિનીયમ
(C) પારો
(D) ગંધક

78. કાર્બન ક્રેડીટનો ખ્યાલ શામાંથી ઉદ્ભવેલ હતો ?

(A) પૃથ્વી સંમેલન - રીયો-ડી-જાનેરો
(B) ક્યોટો પ્રોટોકોલ
(C) મોન્ટ્રીયલ પ્રોટોકોલ
(D) જી. 8 સંમેલન

79. પર્યાવરણ સંદર્ભમાં 'ડર્ટી ડઝન' 'Dirty Dozen' કોને કહેવાય છે ?

(A) 12 સૌથી હાનિકારક વાયુઓ
(B) 12 ઓઝોન આવરણને હાનિકર્તા પદાર્થો
(C) 12 સતત Persistent કાર્બનિક / કેમીકલ પ્રદૂષકો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

80. પોલીયોની રસીનાં શોધક કોણ હતા ?

(A) લુઈસ પાશ્વર
(B) જોનાસ સાલ્ક
(C) કોનરાડ ઝુસ
(D) એલી વ્હીટની

81. નીચેના પૈકી કયા સૂક્ષ્મજીવો સૌથી વિપુલ માત્રામાં હોય છે ?

(A) પ્રોટોઝુઆ
(B) બેકટેરીયા
(C) વાઈરસ
(D) પ્રોટીસ્ટસ્

82. વિશ્વ જૈવ વિવિધતા દિવસ (International day for Biological Diversity or World Biodiversity Day) ક્યારે ઉજવાય છે ?

(A) 16મી સપ્ટેમ્બર
(B) 29મી ડીસેમ્બર
(C) 15મી જૂન
(D) 22મી એપ્રીલ

83. ભારતમાં નીચેના પૈકી કઈ જણસમાં સૌથી વધુ જૈવ વિવિધતા જોવા મળે છે ?

(A) કેરી
(B) સાગ
(C) ઘઉ
(D) બાજરી

84. ISRO દ્વારા સેટેલાઈટ કઈ જગ્યાએ બનાવવામાં આવે છે ?

(A) અમદાવાદ
(B) થુમ્બા
(C) શ્રીહરી કોટા
(D) બેંગલુરૂ

85. બ્રાંડ ફાયનાન્સ ગ્લોબ 500 રીપોર્ટ 2017 મુજબ ભારતમાં કયો બ્રાન્ડ સૌથી વધુ કિમતી બ્રાંડ તરીકે ગણવામાં આવેલી છે ?

(A) એરટેલ
(B) એલ. આઈ. સી.
(C) ટાટા
(D) ઈન્ફોસીસ

86. અબહાની ક્લબ બાંગ્લાદેશ વતી ક્રિકેટ રમતી વખતે કયો ભારતનો ક્રિકેટર મરણ પામેલ હતો ?

(A) સુભાષ ગુપ્તે
(B) એમ. એલ. જયસીમ્હા
(C) લાલા અમરનાથ
(D) રમણ લાંબા

87. દ્રોણાચાર્ય એવોર્ડ કોને આપવામાં આવે છે ?

(A) રમતવીર
(B) કોચ, શિક્ષક
(C) અમ્પાયર, અધિનિર્ણાયક
(D) રમત સબંધીત સંપાદક

88. રમતવીર અને તેની સાથે જોડાયેલ રમતો પૈકી કયુ જોડકું યોગ્ય નથી ?

(A) શંકર નાયક : બ્લાઈન્ડ ક્રિકેટ
(B) દિયા કરમારકર : જિમ્નેસ્ટિક્સ
(C) વિકાસ ગોંવડા : દોડ
(D) પી. આર. શ્રીજેશા : હૉકી

89. નીચેના પૈકી કયો 'કપ / ટ્રૉફી' ફુટબૉલની રમત સાથે સંકળાયેલ નથી ?

(A) સંતોષ ટ્રૉફી
(B) એશીયા કપ
(C) ફેડરેશન કપ
(D) ઈરાની કપ

90. ન્યુટ્રીયન્ટ બેઝ સબસીડી (Nutrient Based Subsidy - NBS) કોણ નક્કી કરે છે ?

(A) નાફેડ
(B) ખેતી વિભાગના સચિવ
(C) કેબીનેટ કમીટી ઑન અકોનોમીક અફેર્સ (CCEA)
(D) ઈફક્કો અને ક્રિભકો સંયુક્તપણે

91. પ્રોજેક્ટ સક્ષમ (Project Saksham) શાની સાથે સંકળાયેલ છે ?

(A) બાળકોની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય
(B) દેશની સુરક્ષા
(C) CBSE નાં IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે
(D) દેશના રમતવીરોની કાર્યક્ષમતા વધારવા

92. હાલમાં ભારતમાં કયા શહેરમાં વાયર બ્રૉડબેન્ડ ઈન્ટરનેટથી 1 gbps (1 giga bytes per second)ની ગતીની સગવડ આપવામાં આવનાર છે ?

(A) મુંબઈ
(B) કલકત્તા
(C) ચેન્નાઈ
(D) હૈદરાબાદ

93. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયા (FSSAI) બાબતમાં કયુ વિધાન સાચુ નથી ?

(A) ઑગષ્ટ 2011માં તેની સ્થાપના થયેલ હતી.
(B) ખાદ્યે પદાર્થોનાં ઉત્પાદન, સંગ્રહ, વહેચણી વગેરે બાબતો માટે ધોરણો નક્કી કરે છે.
(C) CAG દ્વારા તેનુ ઑડીટ કરવાનું ઠરાવેલ છે.
(D) ડીપાર્ટમેન્ટ ઑફ કન્ઝ્યુમર્સ અફેર્સ (Department of Consumers Affairs) હેઠળ કામ કરે છે.

94. માન. વડા પ્રધાનશ્રીએ દેશની સૌથી લાંબી ટનલ (બોગદુ)નું ઉદ્ઘાટન કરેલ છે. આ ટનલ કયા રાજ્યમાં આવેલી છે ?

(A) પંજાબ
(B) જમ્મુ અને કાશ્મિર
(C) મધ્યપ્રદેશ
(D) મહારાષ્ટ્ર

95. કયા દેશને સાઉથ એશીયા સબરીજીયોનલ ઈકોનોમીક કો-ઓપરેશન પ્રોગ્રામ (SASEC Programme)માં 7માં સભ્ય તરીકે દાખલ કરવામાં આવેલ છે ?

(A) બાંગ્લાદેશ
(B) નેપાળ
(C) મ્યાનમાર
(D) ભુતાન

96. તાજેતરમાં "સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા"માં કેટલી બેંકોને ભેળવવામાં (Merge) આવેલી છે ?

(A) 4
(B) 5
(C) 6
(D) 7

97. UDAN (ઉડે દેશ કા આમ આદમી) યોજના હેઠળ કઈ બાબતો સમાવેલ છે ?

(1) 128 માર્ગ (routes) અને 80 વિમાની મથકોને આવરી લીધેલ છે.
(2) ક્ષેત્રીય વિસ્તારને આવરી લેવાનો હેતુ છે.
(3) ભાડાની અને સહાયની મર્યાદા નક્કી કરેલ છે.
(4) પરદેશની કંપનીઓ પણ આયોજનામાં જોડાઈ શકશે ?

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 1, 2 અને 3

98. 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' યોજના (Stand Up India) માટે કયું વાક્ય યોગ્ય નથી ?

(A) પછાત વર્ગો અને મહીલાઓમાં ઉદ્યોગ સાહસિકતા લાવવાનો હેતુ છે.
(B) 2022 સુધીમાં ભારતને વિકસીત દેશ બનાવવા માટે આ યોજના છે.
(C) મહત્તમ લોન મર્યાદા 1 કરોડ રૂા. ની છે.
(D) લોનની પુનઃચુકવણીની મર્યાદા 15 વર્ષની છે.

99. સૌની યોજના (SAUNI YOJNA) માટે કયું વાક્ય યોગ્ય નથી ?

(A) મા. વડા પ્રધાનશ્રીએ આ યોજનાનું ઉદ્ઘાટન કરેલ છે.
(B) નર્મદા નદીના પાણીથી રાજકોટ, જામનગર અને મોરબીના જળાશયોમાં પાણી ભરવામાં આવશે.
(C) આ યોજનાનાં પ્રથમ ચરણમાં રૂા. 12,000 કરોડના ખર્ચનો અંદાજ છે.
(D) પછીના ચરણોમાં વલસાડ, સુરત અને ડાંગનો સમાવેશ થનાર છે.

100. કયા ટાઈગર રીઝર્વ માટે ભૂરસીંગ - ધી બારા સીંઘ (Bhoorsingh the Barasingha)ની માસ્કોટ તરીકે પસંદગી કરવામાં આવેલી છે ?

(A) કાઝીરંગા
(B) કાન્હા ટાઈગર રીઝર્વ
(C) ઈન્દ્રાવતી
(D) તાડોબા